Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
100 % Genuine Medicine
Economical Rates & Fast Service
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૩૨ ● સળંગ અંક : ૧૧૨૦ ● પ્રકાશિત તા-૨૮-૬-૨૦૨૬,રવિવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-




THE BEST DEAL FOR A LIFETIME OF HAPPINESS

रथ यात्रा SPECIAL OFFER

| BEFORE RATH YATRA | | AFTER RATH YATRA | |
|---|---|---|---|
| 2 BHK Starting from | 3 BHK | 2 BHK Starting from | 3 BHK |
| ₹72 Lakhs | ₹1.18 Cr. | ₹75 Lakhs | ₹1.25 Cr. |
| | (All-inclusive) | | (All-inclusive) |

Suryansh SKYLINE
2 & 3 BHK PODIUM LIVING AND RETAIL
TELEPHONE EXCHANGE ROAD, NARANPURA
+91 7500990044
+91 9227996753


જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં 'લોકદરબાર' યોજાયો

# રાણીપમાં સોસાયટીના હોદ્દેદારો સાથે સીધો સંવાદ યોજાયો

અમદાવાદ : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સાબરમતી વિધાનસભા વિસ્તારનો એક વિશેષ 'લોકદરબાર' યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ સાબરમતી વિસ્તારની વિવિધ સોસાયટીઓના ચેરમેન અને સેક્રેટરીઓ સાથે સીધો સંવાદ સાધીને જનકલ્યાણના વિવિધ પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

આ લોકદરબારમાં વિસ્તારના નાગરિકો અને સોસાયટીના હોદ્દેદારો દ્વારા રોડ-રસ્તા, વરસાદી પાણીનો નિકાલ, સ્ટ્રોમ વોટર લાઈન, પીવાના પાણી તેમજ રેલવે ફાટક જેવા સ્થાનિક પ્રશ્નો અંગે રજૂઆતો કરવામાં આવી હતી. આ સાથે જ, સાબરમતી વિસ્તારમાં થઈ રહેલા પ્રગતિશીલ વિકાસ કાર્યોને મુક્તકંઠે વખાણીને અનેક સોસાયટીના ચેરમેન-સેક્રેટરીઓએ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.




કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે રાણીપ, નવા રાણીપ, ડી-કેબિન અને સાબરમતીના નાગરિકો અને આગેવાનોને સંબોધન કરતા જણાવ્યું કે, આજે જ્યારે હું અહીં આપણી વચ્ચે ઉપસ્થિત છું, ત્યારે મને ૧૯૯૭થી અત્યાર સુધીના મારા ૩૦ વર્ષના સફરની યાદ તાજી થાય છે. રાણીપ વિસ્તારમાંથી ચૂંટાઈને વિધાનસભા અને લોકસભા સુધી પહોંચવા સુધીની આ યાત્રામાં આપ સૌએ જે પ્રેમ, સ્નેહ અને સહયોગ આપ્યો છે, તે બદલ હું આપ સૌને વંદન અને પ્રણામ કરું છું.

વધુમાં તેમણે કહ્યું કે, ૩૦ વર્ષમાં મેં રાણીપને સતત વિકસતા જોયું છે. વિકાસ એ એક અવિરત ચાલતી પ્રક્રિયા છે, અને કેટલીક વખત વિસંગતતાઓ વચ્ચે પણ આપણે વિકાસના કામોને ગતિ આપી છે. આગામી સમયમાં રાણીપ પશ્ચિમ વિસ્તારના મુખ્ય આકર્ષણના કેન્દ્ર તરીકે વિકસિત થશે તેવું તેમણે ઉમેર્યું હતું.

શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર મતવિસ્તારની વિકાસની અવિરત યાત્રા વિશે વાત કરી જણાવ્યું કે, મેં જ્યારે લોકસભામાં ચૂંટાયા બાદ સંકલ્પ કર્યો હતો કે, ગાંધીનગર મતવિસ્તાર દેશનો સૌથી વિકસિત મતવિસ્તાર બનશે, ત્યારે તે દિશામાં આપણે મક્કમ ડગલે આગળ વધી રહ્યા છીએ. વિકાસ કાર્યોને લઈને તેમણે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માનતા કહ્યું કે, મતવિસ્તારમાં રાજ્ય સરકાર દ્વારા અનેક વિકાસના કાર્યો કરાઈ રહ્યા છે. વધુમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ મારા સૂચવેલા અનેક વિકાસ કાર્યોને ઝડપથી પૂર્ણ કરવામાં આવ્યા છે તેવું તેમણે ઉમેર્યું હતું.તેમણે જણાવ્યું હતું કે, ગાંધીનગર મતવિસ્તારમાં કોમ્યુનિટી હોલ, પાર્ક, બગીચા, તળાવ, આઈકોનિક રોડ, પુસ્તકાલય અને જીમ જેવા અનેક વિકાસના પ્રોજેક્ટ્સ બન્યા છે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ઉપસ્થિત સૌ નાગરિકોને અમદાવાદ સ્થિત પોતાના કાર્યાલયનું સરનામું આપી જણાવ્યું જે, મારું હંમેશા આપની સેવા માટે કાર્યરત છે. આપના સૂચનો કે રજૂઆત પત્ર દ્વારા પણ મારા સુધી પહોંચાડી શકો છો, હું વ્યક્તિગત રીતે તે વાંચું છું તેવું તેમણે કહ્યું હતું. તેમણે સૌને અપીલ કરતા કહ્યું કે, દરેક સોસાયટીના ચેરમેન અને સેક્રેટરી વૃક્ષારોપણ, સોલાર અને ભૂગર્ભ જળ બચાવવાના અભિયાનમાં જોડાય અને સૌ સાથે મળીને ગાંધીનગર લોકસભાને એક 'ગ્રીન લોકસભા' અને શ્રેષ્ઠ મતવિસ્તાર બનાવીએ.

આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી હિતેશભાઈ બારોટે પ્રાસંગિક સંબોધન કરી કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહાનુભાવો, સોસાયટીના હોદ્દેદારો અને નાગરિકોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

સાબરમતીના ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, આપણે સૌ ગૌરવશાળી છીએ કે આપણને શ્રી અમિતભાઈ શાહ જેવા કર્મઠ નેતા મળ્યા છે. તેમણે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં વિકાસના અનેક અભૂતપૂર્વ કાર્યો કર્યા છે. તેમણે જણાવ્યું કે, આ લોકસભા મતવિસ્તાર દેશભરમાં શ્રેષ્ઠ, સ્વસ્થ અને સમૃદ્ધ બને તેવી નેમ સાથે શ્રી અમિતભાઈ શાહ સતત કાર્યરત છે.

આ પ્રસંગે ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, કલેક્ટર શરૂ ભવ્ય વર્મા, ડીઆરએમ અમદાવાદ શ્રી વેદ પ્રકાશ, મ્યુનિસિપલ કોર્પોરેશન ડેપ્યુટી મ્યુનિ.કમિશનર, અધિકારીઓ, પદાધિકારીઓ તથા સબંધિત વિભાગના અધિકારીઓ, સંતો-મહંતો અને મોટી સંખ્યામાં વિસ્તારના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### ફ્રોડના રૂપિયા મ્યુલ એકાઉન્ટમાં જમા કરાવતા હતા

# નારણપુરામાં ફ્લેટ રાખીને બેટિંગ આઈડી આપતા ૫ શખ્સોની ધરપકડ

અમદાવાદ : નારણપુરાના આદર્શનગરમાં એક ભાડાનાફ્લેટમાં રાજસ્થાનના પાંચ શખ્સો પ્રતીબંધીત રેડી અન્ના' નામની એપથી સટ્ટા બેટીગ અને સાયબર ફ્રોડના રૂપિયા મ્યુલ એકાઉન્ટથી ટ્રાન્સફર કરી કરોડો રૂપિયાની હેરાફેરી કરતા હોવાનું કૌભાંડ નારણપુરા પોલીસે જ ઝડપી પાડયું છે. ધરપકડ કરીને ૪૦ એટીએમ કાર્ડ ૧૭ મોબકાઈલ સહીતના મુદામાલ જપ્ત કરીને આગળની તપાસ હાથ ધરી છે. નારણપુરા પોલીસને મળેલી બાતમીના આધારે આદર્શનગર વિસ્તારમાં આવેલા એક મકાન પર દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમ્યાન રાજસ્થાનના વિશાલ બાલોટીયા સચીન બોકોલીયા સોનુ બડાલીયા, મુન્નારામ નવલ અને છોટુરામ નવલની ધરપકડ કરી હતી. બહારથી સામાન્ય મજુરી કે ગેરેજમાં કામ કરતા હોવાનું દર્શાવતા આ આરોપીએ હકીકતમાં 'રેડ્ડી અન્ના' નામની પ્રતીબંધીત એપ્લીકેશન મારફતે ક્રિકેટ અને ફુટબોલ જેની રમતો માટે ઓનલાઈન બેટીગ આઈડી બનાવી આપતા હતા. તપાસમાં ખુલ્યું છે કે ગ્રાહકો પાસેથી વસુલાતી રકમ વિવિધ મ્યુલ એકાઉન્ટમાં ટ્રાન્સઈફર કરાતી હતી. પોલીસે સ્થળ પરથી ૪૦ એટીએમ કાર્ડ ચેકબુક પાસબુક ૧૭ મોબાઈલ ફોન અને ૩૦ સીમકાર્ડ જપ્ત કર્યા છે. આરોપીઓ બેકમાંથી પૈસા રોકડમાં ઉપાડીને ક્યાં ક્યાં હવાલા મારફતે પેમેન્ટ પહોચાડતા હતા અને તેમની સાથે ચાઈનીઝ તેમજ પાકિસ્તાનની ગેગ સંકળાયેલી છે કે નહી તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

ઉત્તરાયણ નિમિત્તે ઉંધીંયુ અને જલેબી મળશે

વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૬૧૭

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## બિલ્ડરો અને સોસાયટીના હોદ્દેદારોની સાંઠગાંઠથી રહીશો ભયભીત

# અનેક સોસાયટીઓમાં રિડેવલપમેન્ટના નામે મસમોટા વહીવટોની ચર્ચાઓ...!!?

### જો બિલ્ડર સોસાયટીના હોદ્દેદારને ૧ કરોડ વહીવટ પેટે આપે છે તો સોસાયટીને ૧૦ કરોડનું નુકશાન થવાની શકયતા..!!

અમદાવાદ : અનેક હાઉસીંગ કોલોનીઓમાં રિડેવલમેન્ટની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે બિલ્ડરો અને હાઉસીંગ સોસાયટીના ચેરમેનની સાંઠગાંઠની ચર્ચા ટોક ઓફ હાઉસીંગ બની છે.

જો હાઉસીંગ રિડેવલમેન્ટમાં બિલ્ડરને સીધું સટ ઉતરવું હોય તો સોસાયટીના લાલચું ચેરમેન સહિતના હોદ્દેદારોને સાધી પોતાના અનેક મનસૂબા પાર પાડી શકે તેમ છે.કોઈ બિલ્ડર લાભ લીધા વગર કોઈના ઉપર મહેરબાન થતા નથી.જો કોઈ ઉપર મહેરબાન થાય છે તો તેનું સીધુ નુકશાન સોસાયટી અને રહીશોને થવાનું છે.

એક અંદાજ મુકીએ તો કોઈ બિલ્ડર સોસાયટીના કોઈ પણ એક હોદ્દેદારનો ૧ કરોડ રૂપિયા ગીફટ તરીકે આપે છે તો સોસાયટી અથવા રહીશોને ૧૦ કરોડ સુધી નુકશાન થવાનો અંદાજ નકારી શકાય એમ નથી.

આમ કહેવા જઈએ તો બિલ્ડર ૧૦ ગણો ફાયદો જોતા હોય છે અને આવા પ્રકારના પાછલા દરવાજે વહીવટો થવાની શક્યતાઓ રહેલી છે.

### બિલ્ડરો દ્વારા કેટલાંક લાલચું ચેરમેન સેક્રેટરીઓને સાધી ગીફટ મની, સહિતના મુદ્દાઓ પર બાંધછોડ કરતા હોવાના આક્ષેપો




અમદાવાદ : શહેરના પશ્ચિમ વિસ્તાર ગણાતા નારણપુરા, સોલા અને નવા વાડજ જેવા વિસ્તારોમાં આવેલી અનેક હાઉસીંગ વસાહતોમાં હાલ રિડેવલપમેન્ટની પ્રક્રિયા વેગ પકડી રહી છે. ક્યાંક કામની શરૂઆત થઈ છે, તો ક્યાંક ડિમોલિશન (બાંધકામ તોડી પાડવાની) પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. પરંતુ આ બધાની વચ્ચે હવે રિડેવલપમેન્ટના વોટ્સઅપ ગ્રુપો અને સ્થાનિક સ્તરે એક ચિંતાજનક ચર્ચાએ જોર પકડ્યું છે. આરોપ છે કે, કેટલાંક બિલ્ડરો દ્વારા સોસાયટીના લાલચું ચેરમેન અને સેક્રેટરીઓને સાધીને મસમોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે, જેના કારણે સામાન્ય રહીશોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ગુજરાત સરકારની રિડેવલપમેન્ટ પોલિસી વાસ્તવમાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે એક આશીર્વાદ સમાન છે. આ વિસ્તારોમાં વર્ષો જૂની વસાહતો જર્જરીત અવસ્થામાં છે. આર્થિક સંકડામણના કારણે જે લોકો ઘરનું સમારકામ કરાવી શકતા નથી, તેઓ જીવના જોખમે ત્યાં વસવાટ કરી રહ્યા છે. આ પોલિસી હેઠળ રહીશોને જુના મકાનની સામે નવું અને મોટું મકાન, વૈકલ્પિક વ્યવસ્થા માટે ભાડું, ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને ક્યાંક ફર્નિચર પેટે 'ગિફ્ટ મની' પણ આપવામાં આવે છે.

પરંતુ, આ આખી પ્રક્રિયામાં હવે બિલ્ડરો અને સોસાયટીના હોદ્દેદારો વચ્ચેની સાંઠગાંઠના કિસ્સા સામે આવી રહ્યા છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, બિલ્ડરો દ્વારા લાલચું ચેરમેન-સેક્રેટરીઓને અંગત લાભો આપીને સામાન્ય રહીશોના હક પર ત્રાપ મારવામાં આવી રહી છે.

શહેરના આ વિસ્તારોમાં મોટાભાગે મધ્યમવર્ગીય અને સામાન્ય પરિવારો વસવાટ કરે છે. અનેક વર્ષો જૂની સોસાયટીઓ જર્જરીત હાલતમાં પહોંચી ગઈ હોવાથી રિડેવલમેન્ટ યોજના આવા પરિવારો માટે આશીર્વાદ સમાન માનવામાં આવે છે. નવી રહેણાંક સુવિધા, વૈકલ્પિક ભાડું, સ્થળાંતર ખર્ચ સહિતની સુવિધાઓ રહેવાસીઓને મળતી હોવાથી લોકોમાં શરૂઆતમાં સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો.

પરંતુ છેલ્લા કેટલાક સમયથી કેટલીક સોસાયટીઓમાં ગિફ્ટ મની, કાર્પેટ એરિયાના માપ, ટેરેસના અધિકાર અને અન્ય શરતોને લઈને વિવાદો ઉભા થયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. કેટલાક રહીશોનો આક્ષેપ છે કે રેરાના નિયમો અને મૂળ દસ્તાવેજો મુજબ મળવા પાત્ર વિસ્તાર અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે.

રિડેવલમેન્ટ ક્ષેત્રે કામ કરતા નિષ્ણાતોનું માનવું છે કે કોઈપણ સોસાયટીએ રિડેવલમેન્ટ પહેલાં તમામ શરતો લેખિતમાં મેળવવી જોઈએ. કાર્પેટ એરિયા, ગિફ્ટ મની, ભાડું, બાંધકામ પૂર્ણ કરવાની સમયમર્યાદા, બેંક ગેરંટી, ટેરેસ અને પાર્કિંગના અધિકારો સહિતની દરેક બાબત કાયદાકીય સલાહ બાદ જ અંતિમ કરવી જોઈએ.

રહેવાસીઓએ પણ માત્ર હોદ્દેદારોના નિર્ણય પર નિર્ભર રહેવાને બદલે જનરલ બોડીમાં તમામ વિગતો પારદર્શક રીતે રજૂ થાય તેની માંગ કરવી જોઈએ. દરેક સભ્યને કરારની નકલ ઉપલબ્ધ કરાવવી, જરૂરી હોય ત્યાં સ્વતંત્ર કાનૂની સલાહ લેવી અને શંકાસ્પદ બાબતો અંગે સત્તાવાર સ્પષ્ટતા માંગવી એ સમયની જરૂરિયાત બની છે.

રિડેવલમેન્ટનો હેતુ જર્જરીત મકાનોમાં રહેતા લોકોને સુરક્ષિત અને આધુનિક રહેણાંક ઉપલબ્ધ કરાવવાનો છે. તેથી આ પ્રક્રિયામાં પારદર્શિતા, કાયદાનું પાલન અને તમામ સભ્યોના હિતોનું રક્ષણ સુનિશ્ચિત થાય તે જરૂરી છે.

### બિલ્ડરો દ્વારા કેટલાંક લાલચું ચેરમેન સેક્રેટરીઓને સાધી પોતાનું ધાર્યુ કરાવતા હોવાને કારણે સોસાયટીના રહીશોમાં બે ભાગ પડી જાય છે, જેને કારણે સોસાયટીનું રિડેવલપમેન્ટ ખોરંભાય છે.

**ગુજરાત હાઉસિંગ બોર્ડ તટસ્થ તપાસ કરે તેવી ઉગ્ર માંગ**

## રિડેવલપમેન્ટના નામે અનેક સોસાયટીઓમાં ચાલતી કાળી કમાણીની રમત

અમદાવાદ : અમદાવાદના નારણપુરા, સોલા અને નવા વાડજ જેવા મધ્યમવર્ગીય વિસ્તારોમાં આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડની વસાહતોમાં હાલ રિડેવલપમેન્ટની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. કાયદાકીય રીતે આ પ્રક્રિયા સામાન્ય રહીશોના ઉત્થાન માટે છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ ઈશારો કરી રહી છે. સ્થાનિક સ્તરે અને સોશિયલ મીડિયા પર ઊઠેલા ગંભીર આક્ષેપો બાદ હવે સવાલ એ ઊભો થયો છે કે: શું હાઉસિંગ બોર્ડના અધિકારીઓની આંખ નીચે જ આ ખેલ ખેલાઈ રહ્યો છે?

ફરિયાદોમાં ગિફ્ટ મનીમાં અસમાનતા, રેરા મુજબ કાર્પેટ એરિયા ન મળવાનો મુદ્દો, ટેરેસ અને અન્ય કોમન સુવિધાઓના અધિકારો અંગે ગેરરીતિ, તેમજ તમામ સભ્યોને સંપૂર્ણ માહિતી આપ્યા વિના નિર્ણયો લેવાતા હોવાના મુદ્દાઓનો સમાવેશ થાય છે. આ સમગ્ર મામલે રહીશોમાં અસંતોષ અને ચિંતા જોવા મળી રહી છે. અનેક લોકોનું માનવું છે કે રિડેવલમેન્ટ જેવી મહત્વપૂર્ણ પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા અને કાયદાકીય નિયમોનું પાલન અનિવાર્ય છે.તેથી ગુજરાત હાઉસિંગ બોર્ડ, રાજ્ય સરકાર તેમજ સંબંધિત સત્તાધિકારીઓએ સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તપાસ હાથ ધરી, જ્યાં જ્યાં ફરિયાદો અને આક્ષેપો સામે આવ્યા હોય ત્યાં તમામ દસ્તાવેજો, કરારો, સંમતિ પ્રક્રિયા, કાર્પેટ એરિયા, ગિફ્ટ મની અને અન્ય લાભોની ચકાસણી કરવી જોઈએ તેવી માંગ ઉઠી રહી છે.

જો તપાસ દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ, નિયમભંગ અથવા ભ્રષ્ટાચાર સામે આવે તો જવાબદાર બિલ્ડરો, સોસાયટીના હોદ્દેદારો અથવા અન્ય સંબંધિત વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે.

રિડેવલમેન્ટનો મૂળ હેતુ જર્જરીત મકાનોમાં રહેતા પરિવારોને સુરક્ષિત અને આધુનિક આવાસ ઉપલબ્ધ કરાવવાનો છે. તેથી આ પ્રક્રિયા પારદર્શક, ન્યાયસંગત અને તમામ સભ્યોના હિતોની સુરક્ષા સાથે થાય તે સુનિશ્ચિત કરવું રાજયની જવાબદારી હોવાનું રહીશોનું માનવું છે.

Digital India Power To Empower
ડ્રાઈવીંગ લાયસન્સ
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
CSC e-Governance Services India Limited
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430
આયુષ્માન કાર્ડ
બેન્કીંગ સર્વિસ

## ટ્યુશન સંચાલકોએ મુખ્યમંત્રીને નિયમ વિરૂદ્ધ

# ખાનગી ટ્યુશન કરતા શિક્ષકો અને ડે સ્કૂલોની યાદી સોંપી

અમદાવાદ : અમદાવાદ સહિત સમગ્ર રાજ્યના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ધીમે ધીમે શાળાના શિક્ષણનું મહત્ત્વ ઘટતું જાય છે અને તેના સ્થાને કોચિંગ-ટ્યુશન કલાસિસની બોલબાલા વધી રહી છે. મહાનગરોમાં તો અનેક સ્કૂલના શિક્ષકો, પ્રિન્સિપાલ નિયમો નેવે મૂકીને ખાનગી ટ્યુશન કલાસિસ ચલાવે છે. ઘરે ઘરે જઈને ટ્યુશન આપે છે. એટલું જ નહીં અનેક સ્કૂલોમાં તો મેનેજમેન્ટ અથવા જે તે વિષયના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓ પર ચોક્કસ શિક્ષકનું ટ્યુશન લેવા માટે દબાણ કરતું હોવાની પણ ફરિયાદ પણ ઉઠતી રહી છે ત્યારે ખાનગી ટ્યુશન કલાસિસના સંચાલકોના સંગઠને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આવેદન આપી કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અને સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર ખાનગી ટ્યુશન કલાસિસ માટે ઝડપથી નિયમો બનાવી લાગુ કરવા રજૂઆત કરી છે. સાથોસાથ સરકારી કે ખાનગી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અને નિયમ વિરૂદ્ધ ટ્યુશન કલાસિસ ચલાવતા કે ટ્યુશન કરતા ૭૫થી વધુ શિક્ષકોની યાદી સુપરત કરી છે. ગુજરાત સહિત દેશભરમાં વધી રહેલા ટ્યુશનના દૂષણને નાથવા માટે સુપ્રીમ કોર્ટે વખતોવખત ચુકાદા આપ્યા છે તો કેન્દ્ર સરકારે દોઢથી બે વર્ષ અગાઉ તમામ રાજ્યોને ખાનગી ટ્યુશન કલાસિસ ચલાવવા માટે ચોક્કસ નિયમો ઘડવા આદેશ કર્યો હતો જે અંતર્ગત ગુજરાત સરકારે ૨૦૨૫માં ખાનગી ટ્યુશન કલાસિસના સૂચારું સંચાલન અને નિયમન માટે કાયદો ઘડવાની પ્રક્રિયા હાથ ધરી હતી પરંતુ સરકારી ફાઈલોમાં આ નિયમો અટવાઈ ગયા છે એમ જણાવતા ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશન ગુજરાતના પ્રમુખ દિલીપસિંહ ગોહિલ અને ચેરમેન હેમાંગ રાવલ કહે છે કે, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડે ૧૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ બેઠક બોલાવી હતી. અમે કાયદો ઘડવાની પ્રક્રિયાને આવકારી હતી અને કેટલાક સૂચનો પણ કર્યા હતા પરંતુ ત્યારબાદ આ દિશામાં કોઈ પ્રગતિ થઈ નથી તેથી ૧૮ જૂને મુખ્યમંત્રીને આવેદન આપીને ઝડપથી નિયમો બનાવવા રજૂઆત કરી છે. એક અંદાજ મુજબ અમદાવાદમાં આશરે ૨૫૦૦થી ૩૦૦૦ સહિત સમગ્ર રાજ્યમાં ૨૫થી ૩૦ હજાર ખાનગી ટ્યુશન કલાસિસ ચાલે છે. મુખ્યમંત્રીને સુપરત કરેલા આવેદનમાં ફેડરેશને ટ્યુશન કરતા ૭૫થી વધુ શિક્ષકો, પ્રિન્સિપાલ, સંચાલકોની યાદી સુપરત કરી છે.

## ડોક્ટરો અને હોસ્પિટલો માટે સરકારનો મોટો નિર્ણય

# નાની ભૂલો પર હવે જેલ નહીં, માત્ર દંડ થશે!


નવી દિલ્હી : દેશના હેલ્થ સેક્ટર માટે કેન્દ્ર સરકારે એક મોટો રાહતભર્યો નિર્ણય લીધો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, ૨૦૧૦માં મોટો સુધારો કર્યો છે. જન વિશ્વાસ અધિનિયમ-૨૦૨૬ હેઠળ કરાયેલા આ ફેરફાર મુજબ, હવે હોસ્પિટલો કે નાના ક્લિનિકો દ્વારા થતી વહીવટી અથવા કાગળની નાની ભૂલો પર જેલની સજા નહીં થાય. સરકારે આવી ભૂલો માટે હવે માત્ર વહીવટી સ્તરે આર્થિક દંડ વસૂલવાનું નક્કી કર્યું છે. આ ટેકનિકલ ફેરફારથી નાની ભૂલો હવે ગુનાહિત શ્રેણીમાં નહીં આવે અને કોર્ટના ચક્કર કાપવાને બદલે વહીવટી સ્તરે જ કેસનો નિકાલ થઈ શકશે. કાયદાની કલમ ૪૪માં કરાયેલા સુધારા મુજબ, હવે નિયમોના ઉલ્લંઘન પર સીધી એકસરખી મોટી કાર્યવાહી કરવાને બદલે ભૂલની ગંભીરતા તપાસવામાં આવશે. નવા નિયમ હેઠળ નાની અને મોટી ભૂલો વચ્ચે સ્પષ્ટ તફાવત રાખીને તે મુજબ અલગ-અલગ દંડ નક્કી થશે. આનાથી કોઈપણ હોસ્પિટલ પર નાની માનવીય ભૂલ માટે અન્યાયી કે બહુ મોટો દંડ લાદી શકાશે નહીં. નવી વ્યવસ્થામાં કોઈપણ હોસ્પિટલ પર દંડ લગાવતા પહેલાં તેને પોતાની વાત રજૂ કરવાની પૂરી તક અપાશે. જો કોઈ પક્ષ ઓથોરિટીના નિર્ણયથી સંતુષ્ટ ન હોય, તો તેને ઉપલી કોર્ટમાં અપીલ કરવાનો કાનૂની અધિકાર પણ રહેશે. આ સુધારાથી હેલ્થ સેક્ટરમાં બિનજરૂરી કાનૂની વિવાદો અને કોર્ટના કેસોમાં મોટો ઘટાડો થશે. જોકે, સ્વાસ્થ્ય મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે આ રાહત માત્ર કાગળની અને વહીવટી પ્રક્રિયાઓ પૂરતી જ મર્યાદિત છે. દર્દીઓની સારવાર, તેમની સુરક્ષા, સંભાળના ધોરણો અને હેલ્થ સર્વિસની ગુણવત્તા સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં અને મેડિકલ સ્ટાન્ડર્ડનું કડકાઈથી પાલન ચાલુ રહેશે.










Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.